ઈ.એમ.આર.એસ. માંડવી, જિ.સુરત શાળા સંકુલના બાંધકામ માટે સુધારેલ વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: TDD/EMR/e-file/25/2023/1130/P
સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૪/૦૬/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: EMRS-102017-1161-P.

(૨) ભારત સરકારનો તા ૦૮/૦૬/૨૦૧૭નો પત્ર ક્રમાંક: ૧૧૦૧૫/૦૫/૨૦૧૭-ટીએસપી.

(૩) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગરનો તા.૦૪/૦૧/૨૦૨૪નો પત્ર ક્રમાંક: GSTES/EMRSM/e-file/237/2023/0250/Civil.

**આમુખ:**

ઈ.એમ.આર.એસ. (એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કુલ) માંડવી, જિ.સુરતના બાંધકામ માટે આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી વર્ષ ૨૦૧૮-૧૯માં નવી બાબત તરીકે ગેપ ફંડીંગની રૂ.૧૦૦ લાખની જોગવાઈને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. પ્રસ્તુત કામ માટે ભારત સરકારના વંચાણે લીધા ક્રમાંક (૨) પરના પત્રથી રૂ.૧૨૦૦ લાખ મંજૂર કરવામાં આવેલ હતા. તેમજ સદર કામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં ચાલુ બાબત તરીકે VKY 15 હેઠળ રૂ. ૫૦૦ લાખ તથા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ચાલુ બાબત તરીકે રૂ. ૬૦૦ લાખ મંજૂર કરવામાં આવેલ. આમ, ઈ.એમ.આર.એસ. માંડવી, જિ.સુરતના બાંધકામ માટે કુલ રૂ. ૨૪૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત કામ માટેના પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્ટ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માટેના નવા SOR તથા Standard Bid Document મુજબ કુલ રૂ.૫૦,૨૭,૩૭,૯૨૨/- (અંકે રૂપિયા પચાસ કરોડ સત્યાવીસ લાખ સાડત્રીસ હજાર નવસો બાવીસ) ના સુધારેલ અંદાજો રજૂ કરેલ હતા. જેના અનુસંધાને ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીના વંચાણે લીધા ક્રમાંક (૩) પરના પત્રથી ઈ.એમ.આર.એસ. માંડવી જિ. સુરત શાળા સંકુલના બાંધકામ માટે કુલ રૂ. ૫૦,૨૭,૩૭,૯૨૨/-ની સુધારેલ વહીવટી મંજૂરી આપવા બાબતે અત્રે દરખાસ્ત કરેલ હતી. પ્રસ્તુત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, ઈ.એમ.આર.એસ. (એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ કુલ) માંડવી, જિ.સુરત શાળા સંકુલના બાંધકામ માટે કુલ રૂ.૫૦,૨૭,૩૭,૯૨૨/- (અંકે રૂપિયા પચાસ કરોડ સત્યાવીસ લાખ સાડત્રીસ હજાર નવસો બાવીસ) ની આથી સુધારેલ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

ઉક્ત રકમ ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગર પાસે આ કામ માટે મંજૂર થયેલ અને GSFSમાં પાર્ક કરેલ રુ.૨૪

કરોડમાથી અને બાકીના ખુટતી રકમ રૂ.૨૬.૨૮ કરોડ સોસાયટી દ્વારા GSFSમા પાર્ક કરેલ બચત રકમ રુ.૨૮૮.૫૩ કરોડમાથી ખચે કરવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૮/૦૬/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિશા પટેલ

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

- માન. મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર, જિ.ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી - છ શાખા (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ
- સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by: Disha R Patel
Section Officer
Date: 2024.06.21
13:35:04 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign